MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ 2016 – 2020 : પરિમાણાત્મક સાધનોના સંદર્ભમાં

રાઠોડ રાજુભાઈ મોહનભાઈ, Phd Scholar, અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

❖ **સારાંશ**

પ્રસ્તુત સંશોધન પેપર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિ પર આધારિત છે. આ અભ્યાસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનોનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં ખાસ કરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનો જેવા કે Bank Rate, Repo Rate, Reverse Repo Rate, Marginal Standing Fecility Rate, Cash Reserve Ratio, Statutory Liquidity Ratio પર વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે અને તેને વધુ સરળ બને તે રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે જેમાં જાન્યુઆરી, 2016 થી ડિસેમ્બર 2020 સુધીની આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલું છે.

❖ **મહત્વના શબ્દો**

Bank Rate, Repo Rate, Reverse Repo Rate, Marginal Standing Fecility Rate, Cash Reserve Ratio, Statutory Liquidity Ratio

❖ **પ્રસ્તાવના**

અર્થશાસ્ત્રના સિદ્ધાંત મુજબ નાણાંકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ. નાણાંની માગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંના મૂલ્યને અસર પહોંચે છે તથા અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે માટે નાણાંની માગ અને પુરવઠાનું સંચાલન અત્યંત જરૂરી છે અને આથી નાણાંકીય નીતિને સ્થિરતા લાવવા માટેની નીતિ (Stabilization Policy) તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં શરૂઆતના વર્ષોમાં નાણાંકીય નીતિનો હેતુ નાણાંનું પ્રમાણ, મૂલ્ય અને સ્વરૂપને નિયંત્રિત કરવાનો હતો. હાલના સમયમાં નાણાંકીય નીતિનો ઉપયોગ શાખસર્જન માટે થાય છે.

" દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવવા આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બેન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાંકીય નીતિ."

(ધોરણ - 12ના અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાંથી પેજ નંબર 42, 1st Edition 2017)

ટૂંકમાં નાણાંના પુરવઠામાં વધારો કે ઘટાડો કરવા અંગેની RBIની નીતિ એટલે નાણાંકીય નીતિ.

❖ **સંશોધનના હેતુઓ**

1. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના 2016 થી 2020ના વલણોનો અભ્યાસ કરવો.
2. **2016**માં **" Demonetisation " (નોટ બંધી)** સમયે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો અભ્યાસ કરવો.
3. **2017**માં **" Goods And Services Tex " (GST)**ના અમલીકરણ સમયે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો અભ્યાસ કરવો.
4. **2020**ની **કોરોના મહામારી**ના સમયમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો અભ્યાસ કરવો.

❖ **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનોના સંદર્ભમા હોવાથી તેની મોટા ભાગની માહિતી આંકડાકીય સ્વરૂપમાં છે અને આ માહિતી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ઓફિસિયલ વેબસાઈટ પરથી પ્રાપ્ત થયેલ છે. તેથી આ અભ્યાસ મોટાભાગે વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં આંકડાકીય માહિતી ભૂતકાળમાં હોવાથી આંશિક રીતે ઐતિહાસિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિને સારી રીતે સમજવા માટે તુલનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

નાણાંકીય નીતિના સાધનો

(A) પરિમાણાત્મક સાધનો

1. બેંક રેટ
2. રેપો રેટ
3. રિવર્સ રેપો રેટ
4. કેશ રિઝર્વ રેશિયો (CRR)
5. સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો (SLR)
6. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ (MSFR)
7. ખુલ્લા બજારની નીતિ
8. સ્ટરિલાઈઝેશન'ની નીતિ

(B) ગુણાત્મક સાધનો

1. સલામતીની બાંહેધરી
2. માર્જિનની જરૂરિયાત
3. ધિરાણની ટોચ મર્યાદા
4. ભેદભાવયુક્ત વ્યાજનાદર
5. અન્ય સાધનો
   - જાહેરાતો
   - પ્રોત્સાહનો
   - સલાહ સૂચનો

❖ **પૃથ્થકરણ અને અર્થઘટન**

(A) પરિમાણાત્મક સાધનો

1. બેંક રેટ

" RBI વેપારી બેંકોને લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને બેન્ક રેટ કહેવામાં આવે છે. "

- ફુગાવામાં બેન્ક રેટ વધારવામાં આવે છે.
- મંદીમાં બેન્ક રેટ ઘટાડવામાં આવે છે.

2. રેપો રેટ

" RBI વેપારી બેન્કોને ટૂંકા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને રેપો રેટ કહે છે.

ટૂંકા ગાળાનું ધિરાણ (1 દિવસ, 7 દિવસ, 15 દિવસ)

3. રિવર્સ રેપો રેટ

"**વેપારી બેંકો** RBIને ટૂંકા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે. "

4. કેશ રિઝર્વ રેશિયો

" RBIની 1934ની ધારા મુજબ દરેક વેપારી બેંકોએ પોતાની થાપણોના અમુક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે. "

શરૂઆતના વર્ષોમાં આ પ્રમાણ

ચાલુ ખાતાની થાપણો **5 %**

લાંબાગાળાની થાપણો **2 %**

1962 પછી કુલ થાપણોના **3 % થી 15 %** વચ્ચે CRR રાખવામાં આવે છે. RBI જરૂરિયાત મુજબ CRR બદલે છે.

5. સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો

'બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ' મુજબ દરેક વેપારી બેન્કે પોતાની કુલ થાપણોના અમુક ટકા જેટલું મૂલ્ય નકદ (રોકડ),સોનુ, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને કાયદા માન્ય પ્રવાહીતાનું પ્રમાણ કહેવામાં આવે છે.

6. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ

નાણાંની કટોકટીના (અછતના) સમયે વેપારી બેંકો RBI પાસે સરકારી જમીનગીરોઓ મૂકીને નિર્ધારિત દરે ધિરાણ લે છે તેને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ તરીકે ઓળખવામાં આવે છે.

- આ દર રેપો રેટ કરતાં વધુ હોય છે.

7. ખુલ્લા બજારની નીતિ

અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે છે.

8. સ્ટરિલાઈઝેશન'ની નીતિ

"RBI હૂંડિયામણના વધતા કે ઘટતા પ્રમાણના આંચકાઓથી અર્થતંત્રને મુક્ત કરવા માટે સ્ટરિલાઈઝેશન'ની નીતિ અપનાવે છે.

(B) ગુણાત્મક સાધનો

1.સલામતીની બાંહેધરી

બેંકો ધિરાણ લેનાર દરેક વ્યક્તિ પાસે તેમની કોઇ મિલકત જેવી કે **ઘરેણાં, કાર, ઘર, જમીન** વગેરે સલામતીની બાંહેધરી પેટે લખાવે છે.

જો કોઇ ગ્રાહક બેંકની શરતો મુજબ ધિરાણની રકમ પાછી ન ચૂકવે તો બેંક આવી સલામતી પેટે રાખેલ વસ્તુ જપ્ત કરે છે.

2. માર્જિનની જરૂરિયાત

સલામતીની બાંહેધરી પેટે બતાવેલ મિલકતના અમુક ટકા જ અથવા માંગેલી લોનના અમુક ટકા જેટલી રકમનું ધિરાણ એકમને /વ્યક્તિને મળી શકે છે આવી ટકાવારીને ધિરાણનુ માર્જિન કહેવામાં આવે છે.

3.ધિરાણની ટોચ મર્યાદા

કોઈ પણ એક વ્યક્તિ કે એકમ માટે ધિરાણની ટોચ મર્યાદા RBI નક્કી કરે છે.

4. ભેદભાવયુક્ત વ્યાજના દર

અલગ-અલગ પ્રકારના ધીરાણ માટે અલગ-અલગ વ્યાજના દર રાખવાની પદ્ધતિ RBI સૂચવે છે જેને ભેદભાવયુક્ત વ્યાજના દરની નીતિ કહેવામાં આવે છે.

ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

5. અન્ય સાધનો

- જાહેરાતો, પ્રોત્સાહનો, સલાહ સૂચનો

❖ **કોષ્ટક નંબર 1.1. Bank Rateની કોષ્ટક દ્વારા રજૂઆત**

Date	Bank Rate (%)
01 - 01 - 2016	7.75
08 - 04 - 2016	7.00
07 - 10 - 2016	6.75
07 - 04 - 2017	6.50
04 - 08 - 2017	6.25
08 - 06 - 2018	6.50
03 - 08 - 2018	6.75
08 - 02 - 2019	6.50
05 - 04 - 2019	6.25
07 - 06 - 2019	6.00
09 - 08 - 2019	5.65
04 - 10 - 2019	5.40
27 - 03 - 2020	4.65
22 - 05 - 2020	4.25
31 - 12 - 2020 સુધી	4.25

સ્રોત : www.rbi.org.in

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

આલેખ નંબર 2.1. Bank Rateની આલેખ દ્વારા રજૂઆત



સ્રોત : www.rbi.org.in

કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીના બેંક રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે
- 2016માં બેંક રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 100 Bps છે.
- 2017માં બેંક રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 50 Bps છે.
- 2018માં બેંક રેટમાં 2 વાર વધારો થયો છે જે 50 Bps છે.
- 2019માં બેંક રેટમાં 5 વાર ઘટાડો થયો છે જે 135 Bps છે.
- 2020માં બેંક રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 115 Bps છે.
- જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં બેંક રેટમાં 13 વાર ફેરફાર થયો છે. તેમાં માત્ર 2 વાર વધારો થયો છે અને 11 વાર ઘટાડો થયો છે.
- ટૂંકમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં બેંક રેટમાં 350 Bpsનો ઘટાડો થયો છે.

કોષ્ટક નંબર 1.2. Repo Rateની કોષ્ટક દ્વારા રજૂઆત

Date	Repo Rate (%)
01 - 01 - 2016	6.75
08 - 04 - 2016	6.50
07 - 10 - 2016	6.25
04 - 08 - 2017	6.00
08 - 06 - 2018	6.25
03 - 08 - 2018	6.50
08 - 02 - 2019	6.25
05 - 04 - 2019	6.00
07 - 06 - 2019	5.75
09 - 08 - 2019	5.40
04 - 10 - 2019	5.15
27 - 03 - 2020	4.40
22 - 05 - 2020	4.00
31 - 12 - 2020 સુધી	4.00

સ્ત્રોત: www.rbi.org.in

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

આલેખ નંબર 2.2. Repo Rateની આલેખ દ્વારા રજૂઆત



સ્રોત : www.rbi.org.in

❖ **કોષ્ટક અને આલેખની સમજૂતી**

➢ ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીના રેપો રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે

- 2016માં રેપો રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 50 Bps છે.
- 2017માં રેપો રેટમાં 1 વાર ઘટાડો થયો છે જે 25 Bps છે.
- 2018માં રેપો રેટમાં 2 વાર વધારો થયો છે જે 50 Bps છે.
- 2019માં રેપો રેટમાં 5 વાર ઘટાડો થયો છે જે 135 Bps છે.
- 2020માં રેપો રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 115 Bps છે.
- જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં રેપો રેટમાં 13 વાર ફેરફાર થયો છે. તેમાં માત્ર 2 વાર વધારો થયો છે અને 11 વાર ઘટાડો થયો છે.
- ટૂંકમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં રેપો રેટમાં 275 Bpsનો ઘટાડો થયો છે.

કોષ્ટક નંબર 1.3. Reverse Repo Rateની કોષ્ટક દ્વારા રજૂઆત

Date	Reverse Repo Rate (%)
01 - 01 - 2016	5.75
08 - 04 - 2016	6.00
07 - 10 - 2016	5.75
07 - 04 - 2017	6.00
04 - 08 - 2017	5.75
08 - 06 - 2018	6.00
03 - 08 - 2018	6.25
08 - 02 - 2019	6.00
05 - 04 - 2019	5.75
07 - 06 - 2019	5.50
09 - 08 - 2019	5.15
04 - 10 - 2019	4.90
27 - 03 - 2020	4.00
17 - 04 - 2020	3.75
22 - 05 - 2020	3.35
31 - 12 - 2020 સુધી	3.35

સ્ત્રોત: www.rbi.org.in

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

આલેખ નંબર 2.3. Reverse Repo Rateની આલેખ દ્વારા રજૂઆત



સ્રોત : www.rbi.org.in

❖ **કોષ્ટક અને આલેખની સમજૂતી**

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીના રિવર્સ રેપો રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે
- 2016માં રિવર્સ રેપો રેટમાં 1 વાર 25 Bpsનો વધારો થયો છે અને 1 વાર 25 Bpsનો ઘટાડો થયો છે.
- 2017માં રિવર્સ રેપો રેટમાં 1 વાર 25 Bpsનો વધારો થયો છે અને 1 વાર 25 Bpsનો ઘટાડો થયો છે.
- 2018માં રિવર્સ રેપો રેટમાં 2 વાર વધારો થયો છે જે 50 Bps છે.
- 2019માં રિવર્સ રેપો રેટમાં 5 વાર ઘટાડો થયો છે જે 135 Bps છે.
- 2020માં રિવર્સ રેપો રેટમાં 3 વાર ઘટાડો થયો છે જે 155 Bps છે.
- જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં રિવર્સ રેપો રેટમાં 14 વાર ફેરફાર થયો છે. તેમાં માત્ર 4 વાર વધારો થયો છે અને 10 વાર ઘટાડો થયો છે.
- ટૂંકમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં રિવર્સ રેપો રેટમાં 240 Bpsનો ઘટાડો થયો છે.

કોષ્ટક નંબર 1.4. Cash Reserve Ratioની કોષ્ટક દ્વારા રજૂઆત

Date	Cash Reserve Ratio (%)
01 - 01 - 2016 થી 31 - 03 - 2020 સુધી	4.00
03 - 04 - 2020 થી 31 - 12 - 2020 સુધી	3.00

સ્ત્રોત : www.rbi.org.in

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

આલેખ નંબર 2.4. Cash Reserve Ratioની આલેખ દ્વારા રજૂઆત



સ્ત્રોત : www.rbi.org.in

❖ **કોષ્ટક અને આલેખની સમજૂતી**

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીના કેશ રિઝર્વ રેશિયોની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે
- 2016માં કેશ રિઝર્વ રેશિયો 4.00 % સાથે સ્થિર રહ્યો હતો.
- 2017માં કેશ રિઝર્વ રેશિયો 4.00 % સાથે સ્થિર રહ્યો હતો.
- 2018માં કેશ રિઝર્વ રેશિયો 4.00 % સાથે સ્થિર રહ્યો હતો.
- 2019માં કેશ રિઝર્વ રેશિયો 4.00 % સાથે સ્થિર રહ્યો હતો.
- 2020માં કેશ રિઝર્વ રેશિયોમાં 1 વાર ઘટાડો થયો છે જે 100 Bps છે.
- જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં કેશ રિઝર્વ રેશિયોમાં માત્ર 1 વાર ફેરફાર થયો છે અને તેમાં પણ માત્ર 1 વાર ઘટાડો થયો છે.
- ટૂંકમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં કેશ રિઝર્વ રેશિયોમાં 100 Bpsનો ઘટાડો થયો છે.

કોષ્ટક નંબર 1.5. Statutory Liquidity Ratioની કોષ્ટક દ્વારા રજૂઆત

Date	Statutory Liquidity Ratio (%)
01 - 01 - 2016	21.50
08 - 04 - 2016	21.25
15 - 07 - 2016	21.00
07 - 10 - 2016	20.75
13 - 01 - 2017	20.50
30 - 06 - 2017	20.00
20 - 10 - 2017	19.50
11 - 01 - 2019	19.25
19 - 04 - 2019	19.00
12 - 07 - 2019	18.75
18 - 10 - 2019	18.50
10 - 01 - 2020	18.25
17 - 04 - 2020	18.00
31 - 12 - 2020 સુધી	18.00

સ્રોત: www.rbi.org.in

આલેખ નંબર 2.5. Statutory Liquidity Ratioની આલેખ દ્વારા રજૂઆત



સ્રોત : www.rbi.org.in

- **કોષ્ટક અને આલેખની સમજૂતી**

  - ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીના સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે.

- 2016માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 3 વાર ઘટાડો થયો છે જે 75 Bps છે.
- 2017માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 3 વાર ઘટાડો થયો છે જે 125 Bps છે.
- 2018માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો 19.50 % સાથે સ્થિર રહ્યો છે.
- 2019માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 4 વાર ઘટાડો થયો છે જે 100 Bps છે.
- 2020માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 2 વાર ઘટાડો થયો છે જે 50 Bps છે.
- જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 12 વાર ફેરફાર થયો છે, તેમાં 12 વાર સતત ઘટાડો થયો છે.
- ટૂંકમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં 350 Bpsનો ઘટાડો થયો છે.

કોષ્ટક નંબર 1.6. Marginal Standing Facility Rateની કોષ્ટક દ્વારા રજૂઆત

Date	Marginal Standing Facility Rate (%)
01 - 01 - 2016	7.75
08 - 04 - 2016	7.00
07 - 10 - 2016	6.75
07 - 04 - 2017	6.50
04 - 08 - 2017	6.25
08 - 06 - 2018	6.50
03 - 08 - 2018	6.75
08 - 02 - 2019	6.50
05 - 04 - 2019	6.25
07 - 06 - 2019	6.00
09 - 08 - 2019	5.65
04 - 10 - 2019	5.40
27 - 03 - 2020	4.65
22 - 05 - 2020	4.25
31 - 12 - 2020 સુધી	4.25

સ્ત્રોત: www.rbi.org.in

આલેખ નંબર 2.6. Marginal Standing Facility Rateની આલેખ દ્વારા રજૂઆત



સ્રોત : www.rbi.org.in

❖ **કોષ્ટક અને આલેખની સમજૂતી**

➢ ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીના માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે

- 2016માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 100 Bps છે.
- 2017માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 50 Bps છે.
- 2018માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 2 વાર વધારો થયો છે જે 50 Bps છે.
- 2019માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 5 વાર ઘટાડો થયો છે જે 135 Bps છે.
- 2020માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 2 વાર ઘટાડો થયો છે જે 115 Bps છે.
- જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 13 વાર ફેરફાર થયો છે. તેમાં માત્ર 2 વાર વધારો થયો છે અને 11 વાર ઘટાડો થયો છે.
- ટૂંકમાં જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં 350 Bpsનો ઘટાડો થયો છે.

❖ સંશોધનના તારણો

ટૂંકમાં કહીએ તો જાન્યુઆરી 2016થી ડિસેમ્બર 2020 સુધીમાં

- બેંક રેટમાં **350 Bps**નો ઘટાડો થયો છે.
- રેપો રેટમાં **275 Bps**નો ઘટાડો થયો છે.
- રિવર્સ રેપો રેટમાં **240 Bps**નો ઘટાડો થયો છે.
- કેશ રિઝર્વ રેશિયોમાં **100 Bps**નો ઘટાડો થયો છે.
- સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં **350 Bps**નો ઘટાડો થયો છે.
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં **350 Bps**નો ઘટાડો થયો છે.

❖ (As at 12.50pm of December 3, 2023)

1. Bank Rate :- **6.75 %**
2. Repo Rate :- **6.50 %**
3. Reverse Repo Rate :- **3.35 %**
4. Cash Reserve Ratio :- **4.50 %**
5. Statutory Liquidity Ratio :- **18.00 %**
6. Marginal Standing Facility Rate :- **6.75 %**

સ્ત્રોત : www.rbi.org.in

❖ ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન અભ્યાસ (**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ 2016 – 2020 : પરિમાણાત્મક સાધનોના સંદર્ભમાં**) શીર્ષક હેઠળ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં આપણે નાણાંકીય નીતિનો અર્થ તેમજ નાણાંકીય નીતિના સાધનોની ચર્ચા કરી. અહીં ગૌણ માહિતીના અલગ અલગ સ્ત્રોતો દ્વારા માહિતી એકત્રિત કરી તેના આધારે જરૂરી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ જેવી કે ટકાવારી પદ્ધતિ, સરાસરી પદ્ધતિનો ઉપયોગ કરી માહિતી વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું હતું જેના આધારે તારણો આપવામાં આવ્યા છે.

ઉપરોક્ત અભ્યાસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનો જેવા કે Bank Rate, Repo Rate, Reverse Repo Rate, Cash Reserve Ratio, Statutory Liquidity Ratio, Marginal Standing Facility Rateના 01 - 01 - 2016 થી 31 - 12 - 2020 સુધીના પરિમાણાત્મક વલણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવેલો છે. તેમાં 2016માં નોટ બંધી સમયે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ઉપરોક્ત રેટ કેવા હતા, 2017માં GST (Goods And Service Tax)નાં અમલીકરણ સમય અને 2020માં કોરોના મહામારીના સમયે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ઉપરોક્ત રેટ કેવા હતા તે જાણી શકાય છે તેમજ ઉપરોક્ત રેટનો વિસ્તૃત અભ્યાસ કરવામાં આવેલો છે. ઉપરોક્ત ચર્ચા પરથી એમ કહી શકાય કે અર્થતંત્રમાં મંદી કે ફુગાવાને અંકુશમાં લાવવા માટે RBI દ્વારા નાણાંકીય નીતિમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે છે.

❖ **Reference (Bibliography)**

➢ **Books**

1. Seyarsh, R. A. (1960), Aadhunik Banking, Oxford University Press, Bombay
2. Vaish,M.C. (1984), Modern Banking, RBSA Publishers, Jaipur (Rajasthan)
3. Patel, S. G. (1993), Aadhunik Banking, University Grantha Nirman Board, Gujrat Rajya, Ahemadabad
4. Desai, A. N. (1997), Research Methods In Social Science, University Grantha Nirman Board, Gujrat Rajya, Ahemadabad
5. Jani, B.K. (1998), Banking Vyavastha Ane Vyavhar, University Grantha Nirman Board, Gujrat Rajya, Ahemadabad
6. Trivedi, I.V. And Srivastava, S.(Mrs.), (2000), Money Banking And Public Finance, RBSA Publishers, Jaipur (Rajsthan)
7. Thakar, H. K. et al. (2004), Std - 11, Gujrat Rajya Shala Pathyapustak Mandal, Gandhinagar
8. Trivedi, H. K. And Shah, R. B. (2004), Vikasshil Rastronu Arthshastra, University Grantha Nirman Board Gujrat Rajya, Ahemadabad
9. Shrivastava,P.K. (2007), Banking Theory and Practice, Himalaya Publishing House Private Limited, Mumbai
10. Nayak, J. D. (2010), Bharatiya Arthatantra Ane Nitivishayak Sudhara, Saurastra University, Rajkot
11. Desai, H. G. And Desai, K. G. (2010), Research Methods and Techniques, University Grantha Nirman Board, Gujrat Rajya, Ahemadabad
12. Vajani, D.R. (2011), Nanu Ane Nanakiya Vyavastha, Saurastra University, Rajkot
13. Parmar, B. D. et al. (2012), Banking And Finance Market - 1, C. Jamanadasni Company, Ahmedabad

14. Mankiw, N. G. (2012), Principals of Economics, Cengege Learning India Pvt. Ltd, Papargunj, Delhi, ISBN-10:81-315-1739-X
15. Mandaviya, J. M. et al. (2013), Introduction to Social Research, C. Jamanadas Company, Ahemadabad, ISBN:978-93-82027-84-3
16. Bhatiya, H. I. (2013), Public Finance, Vikash Publishing house Pvt. Ltd , Noida ISBN : 978-81259-2403-6
17. Puri, V. K and Misra, S. K. (2014), Indian Economy, Himalaya Publishing house Pvt. Ltd, Mumbai
18. Mithani,D.M. (2014-15), Money Banking, International Trade And Public Finance, Himalaya Publishing House Private Limited, Mumbai
19. Choksi, A. C. Joshi, R. C. And Gami, N. D. (2014), Elements of Banking and Insurance, New Popular Publication, Surat
20. Patel, R. S. (2017), Method of Research, Jay Publication, Ahemadabad, ISBN: 978-81-926052-9-6
21. Bhat, K. et al. (2017), Std - 12, Gujrat Rajya Shala Pathyapustak Mandal, Gandhinagar
22. Somashekar,N.T. (2017), Banking, New Age International Publishers Private Limited, New Delhi
23. Choksi, A.C., Joshi, R.C. and Gami, N.D. (2018), Basic Elements of Banking and Insurance, New Popular Publications, Surat
24. Singh, R. (2018),Indian Economy, Mc Graw Hill Privet Limited, Chennai,India
25. Ghosiya, K. P. (2019), Nanu Ane Bankingna Aarthik Sidhanto, Bhakta Kavi Narsinh Mehta University, Junagadh
26. Maheta, R. J. (2019), Banking and Finance – 1, Bhakta Kavi Narsinh Mehta University, Junagadh
27. Dantani, K. K. And Diwan, R. K. (2019), Shikshan Ane Abhiyogyata, Akshar Publication, Ahemadabad, ISBN : 978-81-927312-4-7
28. Singh, R. (2020),Indian Economy, Mc Graw Hill, Delhi
29. Joshi, M.V. et al. Bharatiya Aarthik Niti, Creative Prakashan, Veraval
30. Development and Economics of Environment - 2, C. Jamanadasni Company, Ahmedabad
31. Economics of Money And Banking, C. Jamanadasni Company, Ahmedabad
32. Ramani, V. K., Nanu Ane Banking Vyavastha,General Study Capsule Course Bhag - 1, Ramani Institute Civil Service, Rajkot

2. Research Paper

1. Bhattacharya,K. (2006), Monetary Policy Approaches In India, Bank for International Settlements Papers No 31, The Hong Kong Institute for Monetary Research, Hong Kong, PP 74-104
2. Palanichamy, A.P. (2011), Fiscal policy reforms in India – Overviews, International Multidisciplinary Research Journal, July, 2011, ISSN: 2231-6302
3. Pandit,B.L. And Vashisht,P. (2011), Monetary Policy And Credit Demand In India And Some Emerging Market Economies, Working Paper 256, Indian Council for Research on International Economic Relations, PP 1-22
4. Ingale,P. (2012), A Study of Impact of RBI Policy Rates on Inflation, International Journal of Research In IT And Management, Pune, Volume 2, issue 2, PP 978-987
5. Barua,N.M. and Madan,A.A. (2015), RBI Autonomy and Performance of Monetary Policy in the Post Liberalization Period : A Comparative Analysis of The Regime of VenkitRaman and Rangarajan, International Journal of Economics Research Volume 6, Issue 2, PP 37-48

6. Kumar,C. (2015), Monetary Policy : A Study Based Upon The Effect of Change In Monetary Policy on The Indian Financial Market, International Journal in Management and Social Science, Volume 3, Issue 10 PP 428-434
7. Das,P. (2017), Monetary Policy And The Reserve Bank Balance Sheet Transiting Through Demonetisation, Monetary Policy Department, Reserve Bank of India, PP 69-81
8. Bansal,M.K. (2017), Role of Reserve Bank of India in Indian Economy, International Journal of Business Administration and Management, Volume 7, PP 45-58
9. Khilar,R.P. (2017), Review of Monetary Policy of India Since Independence, Parikalpana KIIT Journal of Management Volume 13, Issue 2, PP 118-124
10. Namdevrao,K.C. (2021), Recent Trends in Monetary Policy in India, Research Gate
11. Taya,V. (2021) A Study of RBI Monetary Policy Framework, International Journal of law Management and Humanities, Volume 4, Issue 3, PP 2178-2189

3. Report

1. Basu, K. (2012), Fiscal Policy in India : Trends and Trajectory, Supriyo De, Ministry of Finance, Government of India

4. Dissertation

1. Gajera, J. K. (2010), An Evaluation of Monetary Policy of R.B.I. In The Post Reforms Era, Saurastra University, RajKot
2. Thanki, P.V. (2020), An Economic Analysis of Auto Mobile Ancillory Units of GIDCs Around RajKot City, Saurastra University, RajKot

5. Thiesies

1. Pal, A. (1968), Monetary Policy of The Reserve Bank of India In The Context of Planned Economic Development of The Country, Calcutta University, Culcutta
2. Maurya, S.D. (1969), Credit Control Policy of Reserve Bank of India, Kanpur University, Kanpur
3. Ambiga Devi, P. (1991), Monetary Policy In A Planned Economy (With Special Reference To India), Bharathiar University, Coimbatore
4. Singh, S. K. (2002), Reserve Bank of India Ke Maudreek Neeti Ki Bharat Ke Audhyogik Vitt Me Bhumika, Mahatma Gandhi Kashi Vidhyapith, Varanashi
5. Qayed, S.H. (2004), Role of Central Bank In Monetary Management of A Country With Special Reference To Reserve Bank of India, Aligarh Muslim University, Aligarh
6. Garg, K. (2005), Bhartiya Reserve Bank Ki Maudrik Niti Ki Uddeshyaparakta Ka Adhyyan, Chou.CharanShingh Vishvavidhyalaya, Merath
7. Haque, A. (2007), Effects of Monetary Policy on Economic Growth In India Since 1991, Aligarh Muslim University, Aligarh
8. Aggarwal, B.K. (2008), Bharatiya Mudra Bajar Me Reserve Bank of India Ke Shakh Niyantran Tatha Maudrik Nitiyo Ka Aarthik Prabhav (Ak Anushilan) (Varsh 1960 Ke Pashchat), Durga Mahavidhyalaya Raipur, Chhattisgarh
9. Bindra, J. K. (2013), A Critical Study of Financial Inclusion Policy of Reserve Bank of India And Its Practice By Indian Banks (With Special Reference To Rural And Semi-Urban Areas), C. S. J. M. University, Kanpur

10. Sharma,U. (2015), An Evaluative Study of Credit Policy of RBI in Ensuring Liquidity in The Economy During 2004-05 To 2009-10, University of Rajasthan, Jaipur
11. Joshi,D.G. (2021), A Study of Economic Dimensions of The Quantitative and Qualitative Aspects of The Population Growth of Gujarat State From 1961 To 2011, Saurastra University, RajKot

6. Websites

1. https://m.rbi.org.in/scripts/FS_Overview.aspx?fn=2752
2. https://byjus.com/govtexams/centralbanksofdifferentcountries/#:~:text=The%20table%20below%20enlists%2076%20important%20central%20banks%20of%20different%20countries
3. https://worldpopulationreview.com/country-rankings/countries-without-central-banks
4. https://www.researchgate.net/publication/220033799_A_Study_of_Impact_of_RBI_policy_rates_on_inflation
5. https://www.goodreturns.in/2018/06/20/nationalized-banks-list-government-banks-india-723723.html
6. https://www.downloadpdfnotes.com/2020/12/history-and-establishment-of-banks-pdf.html?m=1#google_vignette
7. https://hi.quora.com/%E0%A4%B5%E0%A4%BF%E0%A4%B6%E0%A5%8D%E0%A4%B5%E0%A4%95%E0%A4%BE%E0%A4%AA%E0%A4%B9%E0%A4%B2%E0%A4%BE%E0%A4%AC%E0%A5%88%E0%A4%82%E0%A4%95-%E0%A4%95%E0%A5%8C%E0%A4%A8-%E0%A4%B9%E0%A5%88
8. https://www.google.com/search?q=2.3.1+Monetary+Policy+Approaches+In+India&oq=2.3.1%09Monetary+Policy+Approaches+In+India&aqs=chrome..69i57.3382j0j16&client=ms-android-vivo&sourceid=chrome-mobile&ie=UTF-8
9. https://www.google.com/search?q=2.%09Pandit%2CB.L.+And+Vashisht%2CP.+%282011%29%2C+Monetary+Policy+And+Credit+Demand+In+India+And+Some+Emerging+Market+Economies%2C+Working+Paper+256%2C+Indian+Council+for+Research+on+International+Economic+Relations%2C+PP+1-22&client=ms-android-vivo&sxsrf=APq-WBtGEJdjzhGeZCtoTujF9B5W4yVVzg%3A1646738662750&ei=5jwnYtiELPuP2roP9pW_gA4&oq=2.%09Pandit%2CB.L.+And+Vashisht%2CP.+%282011%29%2C+Monetary+Policy+And+Credit+Demand+In+India+And+Some+Emerging+Market+Economies%2C+Working+Paper+256%2C+Indian+Council+for+Research+on+International+Economic+Relations%2C+PP+1-22&gs_lcp=ChNtb2JpbGUtZ3dzLXdpei1zZXJwEAMyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECcyBwgjEOoCECc6BwgjELADECc6BwgAEEcQsANKBAhBGABQlB5YlB5g6i5oA3ABeACAAQCIAQCSAQCYAQCgAQGgAQKwAQ_IAQnAAQE&sclient=mobile-gws-wiz-serp
10. https://www.researchgate.net/publication/220033799_A_Study_of_Impact_of_RBI_policy_rates_on_inflation
11. https://m.rbi.org.in/scripts/PublicationsView.aspx?id=20345
12. https://www.google.com/search?q=6.+Das%2CP.+(2017)%2C+Monetary+Policy+And+The+Reserve+Bank+Balance+Sheet+Transiting+Through+Demonetisation%2C+Monetary+Policy+Department%2C+Reserve+Bank+of+India%2C+PP+69-81&oq=6.%09Das%2CP.+(2017)%2C+Monetary+Policy+And+The+Reserve+Bank+Balance+Sheet+Transiting+Through+Demonetisation%2C+Monetary+Policy+Department%2C+Reserve+Bank+of

+India%2C+PP+69-81&aqs=chrome..69i57.1632j0j4&client=ms-android-vivo&sourceid=chrome-mobile&ie=UTF-8

13. http://www.i-scholar.in/index.php/Parikalpana/article/view/164526
14. https://www.researchgate.net/publication/348741319_Recent_Trends_in_Monetary_Policy_in_India
15. https://www.ijlmh.com/paper/a-study-of-rbi-monetary-policy-framework/
16. https://www.google.com/url?sa=t&source=web&rct=j&url=https://shodhganga.inflibnet.ac.in/&ved=2ahUKEwjAq_uAvLb2AhUGrlYBHc_ZCcIQFnoECAYQAQ&usg=AOvVaw2vdSgT0Aj0EYN0dVgBdYr-
17. https://www.google.com/search?q=7.+Bansal%2CM.K.+(2017)%2C+Role+of+Reserve+Bank+of+India+in+Indian+Economy%2C+International+Journal+of+Business+Administration+and+Management%2C+Volume+7%2C+PP+4558&oq=7.%09Bansal%2CM.K.+(2017)%2C+Role+of+Reserve+Bank+of+India+in+Indian+Economy%2C+International+Journal+of+Business+Administration+and+Management%2C+Volume+7%2C+PP+4558&aqs=chrome..69i57.3267j0j9&client=ms-android-vivo&sourceid=chrome-mobile&ie=UTF-8
18. www.rbi.org.in
19. www.financialexpress.com
20. www.tax-india.in
21. www.timesofindia.com
22. www.moneycontrol.com
23. www.paisabazaar.com
24. www.data.oecd.org
25. www.bankbazaar.com
26. www.shodhganga.inflibnet.ac.in

Certificate No.:010212202311

multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (on-line)
International Peer Reviewed and Refereed Journal

Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

રાઠોડ રાજુભાઈ મોહનભાઈ

In recognition of the publication of the paper entitled

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિના વલણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ 2016 – 2020 : પરિમાણાત્મક સાધનોના સંદર્ભમાં

Published in Volume 01, Issue 02, December 2023.

EDITOR IN CHIEF